# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-07-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર નિકીતા શાહ વાંચે છે.**

********************************************************

1) ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે ભારત એક વિશ્વસનીય અર્થતંત્ર અને અસ્થિર વિશ્વમાં સ્થિર આધાર બનવાના સાચા માર્ગ પર છે.
2) બિહારમાં, મતદાર યાદીઓના વિશેષ સઘન સુધારણાનું ટકા કાર્ય પૂર્ણ 66
3) શ્રાવણ મહિનાની પવિત્ર કાવડ યાત્રાનો આજથી પ્રારંભ
4) અમેરિકા આવતા મહિને કેનેડાથી થતી આયાત પર 35 ટકા ટેરિફ લાદશે
5) ભારતીય અવકાશયાત્રી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા અને એક્સિઓમશનના મિ ૪- અન્ય ત્રણ ક્રૂ સભ્યો ૧૪ જુલાઈએ ધરતી પર પરત ફરશે.
6) ક્રિકેટમાં, ભારત સામેની ત્રીજી ટેસ્ટનાં બીજા દિવસે ઇંગ્લેન્ડ આજે રનના 251 વિકેટે 4 સ્કોરથી રમત આગળ ધપાવશે.

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

## VP-INDIAN-ECONOMY

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે ભારત એક વિશ્વસનીય અર્થતંત્ર, વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓમાં વિશ્વસનીય ભાગીદાર અને અસ્થિર વિશ્વમાં સ્થિર આધાર બનવાના સાચા માર્ગ પર છે.

નવી દિલ્હીમાં CII-ITC સસ્ટેનેબિલિટી એવોર્ડ સમારોહને સંબોધતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે જ્યારે વિશ્વ અશાંતિના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે અને વૈશ્વિક પરિસ્થિતિમાં સુધારાના કોઈ સંકેતો દેખાતા નથી, ત્યારે ભારત એક અગ્રણી અવાજ છે. ભારતના ટકાઉ વિકાસના અધિકારો પર ભાર મૂકતા, તેમણે ભારતીય ઉદ્યોગોને નવીનીકરણીય ઉર્જા, ગ્રીન હાઇડ્રોજન, સરક્યુલર અર્થતંત્ર મોડેલ અને કાર્બન બજારોમાં રોકાણ કરીને હરિત ક્રાંતિના પ્રણેતા બનવા હાકલ કરી. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત સરકાર-કેન્દ્રિત અભિગમથી એક સર્વાંગી સામાજિક માળખા તરફ આગળ વધી રહ્યું. સરકાર ઘણા નવીન પગલાં લઈ રહી છે, તેમ છતાં ઉદ્યોગે અસરકારક પરિવર્તન લાવવા માટે આગળ આવવું પડશે. તેમણે ઉદ્યોગોને શૈક્ષણિક સંસ્થાઓ, તાલીમ સંસ્થાઓ અને સરકાર સાથે મળીને અભ્યાસક્રમો વિકસાવવા અને તેમની વૈશ્વિક હાજરીને વિસ્તૃત કરવા માટે કામ કરવા હાકલ કરી. શ્રી ધનખડે ગુણવત્તા, વિશ્વાસ, નવીનતા અને આધુનિક સુસંગતતા માટે પ્રાચીન જ્ઞાન પર 'બ્રાન્ડ ઇન્ડિયા' બનાવવાનું પણ આહ્વાન કર્યું.

. . . . . . . . . . . . . . . . . . . . .

# BIHAR – SIR

બિહારમાં, મતદાર યાદીઓના વિશેષ સઘન સુધારણાનું 66 ટકા કાર્ય છેલ્લી સમયમર્યાદાના લગભગ બે અઠવાડિયા પહેલા પૂર્ણ થઈ ગયું છે. રાજ્યમાં કુલ 7 કરોડ 89 લાખ હાલના મતદારોમાંથી, ગઈકાલે સાંજે 6 વાગ્યા સુધીમાં 5 કરોડ 22 લાખ મતદારોના ગણતરી ફોર્મ એકત્રિત કરવામાં આવ્યા છે. આ સુધારણા અભિયાન 24 જૂને શરૂ થયું હતું. ચૂંટણી પંચે આ પ્રગતિનું શ્રેય મતદારોની સક્રિય ભાગીદારી અને લેવલ ઓફિસરો અને ચાર લાખથી વધુ સ્વયંસેવકોના સંકલિત પ્રયાસોને આપ્યો છે, આ ઉપરાંત, તમામ માન્ય રાજકીય પક્ષો દ્વારા નિયુક્ત બૂથ લેવલ એજન્ટો- પણ આ કાર્યમાં સહયોગ કરી રહ્યા છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે જો વર્તમાન ગતિ જાળવી રાખવામાં આવે તો, 25 જુલાઈની સમયમર્યાદા પહેલાં કાર્ય પૂર્ણ થઈ શકે છે.

સર્વોચ્ચ અદાલતે ગઈકાલે પંચને બિહારમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા અભિયાન ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. જોકે, સર્વોચ્ચ અદાલતે, ન્યાયના હિતમાં, ચૂંટણી પંચે ચાલુ સુધારણા પ્રક્રિયા દરમિયાન આધાર, રેશન કાર્ડ અને મતદાર ઓળખ કાર્ડ જેવા મુખ્ય ઓળખ દસ્તાવેજો સ્વીકારવા અંગે પણ વિચારવા જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

(બાઈટ – સરફીરોજી )

# AMIT SHAH - KERALA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે દિવસના કેરળ પ્રવાસ અંતર્ગત આજે તિરુવનંતપુરમની મુલાકાત લેશે. તેઓ રાજ્યના સાત જિલ્લાઓના વોર્ડ સમિતિના અધિકારીઓની બેઠકને સંબોધિત કરશે. તિરુવનંતપુરમમાં પાર્ટીના નવા રાજ્ય મુખ્યાલયનું ઉદ્ઘાટન પણ કરશે. સાંજે, કેન્દ્રીય મંત્રી કન્નુર જશે અને થાલીપ્રંભ રાજરાજેશ્વરી મંદિરની મુલાકાત લેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# KANWAR-YATRA

શ્રાવણ મહિનાની પવિત્ર કાવડ યાત્રા આજથી ઉત્તરાખંડમાં શરૂ થઈ રહી છે. લાખો કાવડીઓ હરિદ્વાર, ઋષિકેશ, નીલકંઠ વગેરે તીર્થસ્થળોએ પવિત્ર ગંગાજળ લેવા માટે રવાના થયા છે. આ વર્ષે સુરક્ષા, સ્વચ્છતા અને ટેકનોલોજી પર સંકલિત ધ્યાન કેન્દ્રિત કરીને વ્યવસ્થા પહેલા કરતા વધુ મજબૂત બનાવવામાં આવી છે.

દર વર્ષની જેમ, આ વખતે પણ સૌથી વધુ સંખ્યામાં કાવડીઓ હરિદ્વાર આવે તેવી અપેક્ષા છે

યાત્રાનું સુચારુ સંચાલન અને શ્રદ્ધાળુઓની સુવિધા સુનિશ્ચિત કરવા માટે, રાજ્ય પોલીસ, SDRF અને અર્ધલશ્કરી દળોના 7,000 થી વધુ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. હરિદ્વાર મેળા વિસ્તાર પર CCTV કેમેરા, ડ્રોન અને કેન્દ્રીયકૃત નિયંત્રણ ખંડ દ્વારા નજર રાખવામાં આવશે. વધારાની સુરક્ષા માટે, આતંકવાદ વિરોધી ટુકડી (ATS) પણ તૈનાત કરવામાં આવી છે અને તે સંવેદનશીલ વિસ્તારોમાં સક્રિય રહેશે.

અધિક પોલીસ મહાનિર્દેશક ડૉ. વી. મુરુગેશને જણાવ્યું કે કાવડ યાત્રા દરમિયાન પોલીસ દળને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે અને તમામ જરૂરી સુરક્ષા પગલાં લેવામાં આવ્યા છે.યાત્રા રૂટ પર આરોગ્ય શિબિરો, એમ્બ્યુલન્સ, મોબાઇલ શૌચાલય, પીવાનું પાણી અને કચરા વ્યવસ્થાપનની વ્યવસ્થા કરવામાં આવી છે,

વહીવટતંત્રના જણાવ્યા અનુસાર, 23 જુલાઈ સુધી ચાલનારા કાવડ મેળામાં લગભગ 7 કરોડ શ્રદ્ધાળુઓ હાજરી આપે તેવી અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

)ગોન્ગ મ્યુઝિક(

. . . . . . . . . . . . . .

# MEA-GLOBAL SOUTH REMARKS

વિદેશ મંત્રાલયે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિદેશ મુલાકાતો પર કરવામાં આવેલી ટિપ્પણીઓની ટીકા કરી છે અને તેને બેજવાબદાર અને ખેદજનક ગણાવી છે.

શ્રી માનનું નામ લીધા વિના, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે ગ્લોબલ સાઉથ મિત્ર દેશો સાથે ભારતના સંબંધો પર એક ઉચ્ચ કક્ષાના અધિકારીની ટિપ્પણીઓ બેજવાબદાર, ખેદજનક અને અશોભનીય છે મીડિયાના પ્રશ્નના જવાબમાં, શ્રી જયસ્વાલે કહ્યું કે ભારત સરકાર મિત્ર દેશો સાથે ભારતના સંબંધોને નબળી પાડતી આવી અયોગ્ય ટિપ્પણીઓથી પોતાને અલગ કરે છે

પ્રધાનમંત્રી મોદીએ તાજેતરમાં ઓછી વસ્તીવાળા દેશોની મુલાકાત લીધી હતી એવી પંજાબના મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી બાદ વિદેશ મંત્રાલએ આ પ્રતિક્રિયા આપી છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRUMP-CANADA-TARIFFS

અમેરિકી  પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા આવતા મહિને કેનેડાથી થતી આયાત પર 35 ટકા ટેરિફ લાદશે અને મોટાભાગના અન્ય વેપારી ભાગીદારો પર 15 ટકા અથવા 20 ટકાના ટેરિફ લાદવાની યોજના ધરાવે છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રકાશિત એક પત્રમાં, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નેને કહ્યું કે નવા દર 1 ઓગસ્ટથી અમલમાં આવશે અને જો કેનેડા બદલો લેશે તો તેમાં વધારો થશે.

ગઈકાલે એક ટીવી ન્યૂઝ ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં, અમેરિકી  પ્રમુખે કહ્યું હતું કે અન્ય વેપારી ભાગીદારો પર વ્યાપક ટેરિફ લાદવાની યોજના ધરાવે છે

શ્રી ટ્રમ્પે તાજેતરના દિવસોમાં તેમના વેપાર યુદ્ધનો વિસ્તાર કર્યો છે, જાપાન અને દક્ષિણ કોરિયા સહિત ઘણા દેશો પર નવા ટેરિફ લાદ્યા છે, તેમજ તાંબા પર 50 ટકા ટેરિફ લાદ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AXIOM-4---NASA

નાસાએ જાહેરાત કરી છે કે ભારતીય અવકાશયાત્રી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા અને એક્સિઓમ-૪ મિશનના અન્ય ત્રણ ક્રૂ સભ્યો ૧૪ જુલાઈએ ધરતી પર પરત ફરશે. એક પત્રકાર પરિષદમાં બોલતા, નાસાના કોમર્શિયલ ક્રૂ પ્રોગ્રામના મેનેજર સ્ટીવ સ્ટિચે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય અવકાશ મથકથી અનડોકિંગ ૧૪ જુલાઈના રોજ કરાશે અને થોડા કલાકો પછી અવકાશયાત્રીઓ કેલિફોર્નિયાના દરિયાકાંઠે પેસિફિક મહાસાગરમાં ઉતરશે.. ગ્રુપ કેપ્ટન શુક્લા હાલમાં આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં ૧૪ દિવસના મિશન પર છે. તેઓ ISS સુધી પહોંચનારા પ્રથમ ભારતીય અને ૧૯૮૪માં અવકાશમાં ગયેલા વિંગ કમાન્ડર રાકેશ શર્મા પછી બીજા ભારતીય અવકાશયાત્રી બન્યા છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET

ક્રિકેટમાં, યજમાન ઇંગ્લેન્ડ આજે લોર્ડ્સ ખાતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની ત્રીજી ટેસ્ટના બીજા દિવસે ભારત સામે 4 વિકેટે 251 રનના ગઇકાલના  સ્કોરથી પોતાની પ્રથમ ઇનિંગની રમત ફરી શરૂ કરશે.. મેચ ભારતીય સમય મુજબ બપોરે 3:30 વાગ્યે શરૂ થશે. ઇંગ્લેન્ડ હાલમાં મજબૂત સ્થિતિમાં છે. ગઈકાલે પ્રથમ દિવસની રમત પૂરી થઈ ત્યારે જો રૂટ ૯૯ રન પર અને બેન સ્ટોક્સ 39 રન પર ક્રીઝ પર હતા.

ગઇકાલે ઇંગ્લેન્ડે  ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઓપનર બેન ડકેટ અને જેક ક્રોલી એક જ ઓવરમાં આઉટ થયા બાદ જો રૂટ અને ઓલી પોપ વચ્ચે 109 રનની મહત્વપૂર્ણ ભાગીદારી સાથે ઇંગ્લેન્ડ મજબૂત સ્થિતિમાં પહોંચ્યું હતું

ભારત માટે, નીતિશ કુમાર રેડ્ડીએ બે અને રવિન્દ્ર જાડેજા અને જસપ્રીત બુમરાહએ એક-એક વિકેટ લીધી હતી.  પાંચ મેચની શ્રેણીમાં  હાલ ભારત અને ઈંગ્લેન્ડ ૧-૧થી બરાબર પર છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- આજનાં અખબારોની હેડલાઇનમાં વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવ્યું છે.
- ગુજરાત સમાચારની હેડલાઇન છે- ટ્રમ્પે ગેરકાયદે લોકોને કાઢી મૂકવા 170 અબજ ડોલર ફાળવ્યા
- સટ્ટા એપ કૌભાંડમાં તેલંગાણામાં પ્રકાશ રાજ, દેવરકોંડા સહિત 29 સામે એફઆઇઆર- આ સમાચાર સંદેશની હેડલાઇન છે.
- સુપ્રીમ કોર્ટે બિહારમાં મતદાર યાદીની ખાસ સઘન સમીક્ષા પર રોક લગાવવાનો ઇનકાર કર્યો – આ સમાચાર દિવ્ય ભાસ્કર, નવ ગુજરાત સમય, ઇન્ડિયન એક્સપ્રેસ અને ફુલછાબની હેડલાઇનમાં જોવા મળે છે.
- કેનેડામાં કોમેડિયન કપિલ શર્માનાં કાફે પર ગોળીબાર- આ સમાચાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને સંદેશે પ્રથમ પાને પ્રકાશિત કર્યાં છે.
- વીમો ધરાવતા દર્દીઓને લૂંટતી ખાનગી હોસ્પિટલો પર લગામ કસાશેઃ વીમા ચૂકવણી પોર્ટલનું સંચાલન નાણા મંત્રાલયને સોંપવા વિચારણા- આ સમાચાર ગુજરાત સમાચાર અને નવગુજરાત સમયમાં પ્રથમ પાને છે.
- કાશ્મીરમાં અમરનાથ શિવલિંગ ઝડપથી ઓગળવા લાગ્યુઃ આ સમાચાર ફુલછાબ અને ગુજરાત સમાચારે પ્રકાશિત કર્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .